# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૦ તા.૬-૧૨-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સ્કૂલ એક્રીડીટેશન માર્ગદર્શક બેઠક બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજય સરકાર દ્વારા ગુણોત્સવ-૨.૦ અંતર્ગત તમામ શાળાઓનું સ્કૂલ એક્રીડીટેશન કરવામાં આવી રહ્યું છે. આ માટે જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા સ્કૂલ ઈન્સ્પેકટરના માધ્યમથી દરેક શાળાનું એક્રીડીટેશન થઈ રહ્યું છે. તા.૧૪-૧૧-૧૯ થી તા.૬-૧૨-૧૯ સુધી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદની ૫૦ જેટલી શાળાઓનું એક્રીડીટેશન કામ પૂર્ણ થયેલ છે. આપણી દરેક શાળાના મુખ્ય શિક્ષકશ્રીને આ સંદર્ભે વિસ્તૃત માર્ગદર્શનની જરૂરિયાત જણાય છે. તો તા.૭-૧૨-૧૯ને શનિવારના રોજ એક માર્ગદર્શન બેઠકનું આયોજન કરેલ છે. તો સવારપાળીના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓ શાળા ફરજ બજાવ્યા બાદ, બપોરપાળીના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓ શાળામાં PAT ની તમામ વ્યવસ્થાનું આયોજન ઉપશિક્ષકને વ્યવસ્થા સોંપીને બેઠકમાં ઉપસ્થિત રહેવું.

બેઠકનું સ્થળ :- સ્કાઉટ ભવન, પાલડી

બેઠકનો સમય :- ૧૨-૩૦ કલાકે

નોંધ :- ૧૧-૩૦ થી ૧૨-૨૦ કલાક દરમ્યાન તમામ માટે ભોજનની વ્યવસ્થા કરેલ છે.

તા.૬-૧૨-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી